પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
જી.આઇ.ડી.સી વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૮૩૦૦૦૪
polstn-vatvagidc-ahd@gujarat.gov.in
પોલીસ કટ્રોલ રૂમ ટેલીફોન નબંર—૦૭૯-૨૫૬૨૭૫૧૦

---

# પ્રેસ નોટ

## પરપ્રાંતિય ભારતીય બનાવટ ના વિદેશી દારૂ ની બોટલ નંગ ૧૯૦ કિ.રૂ,૧૫,૨૦૦/- ની મત્તા ની પકડી પાડતી જી.આઈ.ડીસી વટવા પોલીસ

સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ બીપીન અહીરે સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર ‘જે’ ડિવીઝન આર.બી.રાણા સાબેહ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી ડી.આર.ગોહીલ સાહેબ નાઓ તરફથી મળેલ સુચના આધારે પ્રોહીની હેરાફેરીની પ્રવુતી તથા અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવી જે સુચના આધારે પ્રો.પો.સ.ઈ એમ.સી.જાડેજા સાહેબ તથા સાથેના ચોકી સ્ટાફના માણસો પેટ્રોલીગમાં નિકળેલ અને ફરતા ફરતા કલાક ૧૮/૩૦ વાગ્યે મચ્છુનગર કેનાલ પાસે આવતા સાથેના મ.સ.ઇ કુલાભાઇ ભુરાભાઈ નાઓને બાતમી હકીકત મળેલ કે એક બહેન કે જેણે રાખોડી કલરની ડીઝાઇનવાળી સાડી પહેરેલ છે જે પોતાની પાસે કેટલોક પરપ્રાંતિય ભારતીય બનાવટ નો વિદેશી દારુનો જથ્થો રાખી રામોલ ચાર રસ્તા તરફથી આવી અત્રે મચ્છુનગર કેનાલ પાસે થી પસાર થવાની છે જે બાતમી હકીકત આધારે બે પંચોના માણસોની સાથે વોચમા હાજર રહી સદરી હકીકત વાળી બહેન આવતા સદરી બહેનને રોકી લઈ બે પંચોની રૂબરૂ સદરી બહેન પાસે રહેલ પ્લાસ્ટીકના મીણીયાના થેલામાં જોતા ૧૮૦ મીલી ની પરપ્રાંતિય ભારતીય બનાવટના વિદેશી દારુની પ્લાસ્ટીકની સીલબંધ બોટલો હોય જે બોટલો પ્લાસ્ટીકના મીણીયાના થેલા માંથી બહાર કાઢી ગણી જોતા કુલ-૧૯૦ બોટલ કિ.રૂ.૧૫,૨૦૦/- ની મત્તા સાથે મળી આવેલ આરોપીઓ બહેન લલીતા વા/ઓફ રમેશભાઇ વિરસીંગભાઇ જાતે સંગાડીયા ઉ.વ.૩૮ ધંધો ઘરકામ રહેવાસી ગામ મોટી મંડાવ ડુંગરી ફળીયુ તા. જીલ્લો.દાહોદ નાને તા.૦૨/૦૮/૧૯ ના કલાક ૧૯/૪૫ વાગે નજર કેદ રાખી કાયદેસરની કાર્યવાહી કરીને વધુ તપાસ હાથ ધરેલ છે.



# <u>પ્રેસનોટ- રામોલ પોલીસ સ્ટેશન</u>

## <u>ન્યુ હરીશચંદ્રના નાકે જુગાર રમતા સાત (૦૭) ઇસમોને રૂપિયા ૩૪,૧૬૦/-ના મુદ્દામાલ સાથે પકડી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અ'વાદ શહેર</u>

## <u>ગણનાપાત્ર</u>

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નર સેકટર -૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ વિભાગ નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારૂ જુગારની પ્રવુતી સદંતર નેસ્ત-નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ સર્વે સ્કોડ પો.સ.ઇશ્રી વી.બી.વાઘેલા સાહેબ નાઓને આવી પ્રવુતી ચાલતી મળી આવેથી કાયદેસર કરવા સુચના કરેલ હોય જે આધારે તેઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૭/૫૦ વાગે સુમીનપાર્કના નાકે આવતા <u>હે.કો વિજયસિંહ પર્વતસિહ નાઓની ટીમના પો.કો સત્યજીતસિંહ નિર્મળસિંહ તથા પો.કો મનિષભાઇ લાલજીભાઇ</u> નાઓની સંયુકત બાતમી હકીકત આધારે

ન્યુ હરીશચંદ્ર નગરના નાકે ખુલ્લી જગ્યામાં રેડ કરી જુગાર રમતા સાત ઇસમો (૧) દિપકભાઇ ચંદુભાઇ પ્રજાપતિ ઉવ.૨૯ રહે. મનં.૨૪૪ હરીશચંદ્ર નગર સુમીન પાર્ક વસ્ત્રાલ અમદાવાદ શહેર (૨) રાહુલ અનંતરાય જાની ઉવ.૩૨ રહે. મનં.૪૪૬ હરીશચંદ્ર નગર સુમીન પાર્ક વસ્ત્રાલ અમદાવાદ શહેર (૩) ધર્માભાઇ માણેકજી ખટીક ઉવ.૩૦ રહે. મનં.૪૩૬ હરીશચંદ્ર નગર સુમીન પાર્ક વસ્ત્રાલ અમદાવાદ શહેર (૪) અશોકભાઇ શંભુભાઇ પટેલ ઉવ.૩૭ રહે. મનં.૨૬૪ હરીશચંદ્ર નગર સુમીન પાર્ક વસ્ત્રાલ અમદાવાદ શહેર (૫) જયેશભાઇ રેવાભાઇ પટેલ ઉવ.૨૯ રહે. મનં.૨૨૨ હરીશચંદ્ર નગર સુમીન પાર્ક વસ્ત્રાલ અમદાવાદ શહેર (૬) સન્ની ધર્મેન્દ્રભાઇ મરાઠી ઉવ.૨૧ રહે. મનં.૨૪૯ હરીશચંદ્ર નગર સુમીન પાર્ક વસ્ત્રાલ અમદાવાદ શહેર (૭) પ્રગ્નેશભાઇ વિરાભાઇ ચૌધરી ઉવ.૨૬ રહે. મનં.૧૮૮ હરીશચંદ્ર નગર સુમીન પાર્ક વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓને <u>રોકડા રૂપિયા ૩૪,૧૬૦/-</u> તથા ગંજીપાના સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(કે.એસ.દવે)
સિની.પોલીસ ઇન્સ્પેકટર
રામોલ પો.સ્ટેશન અ'વાદ શહેર

CS Scanned with CamScanner